# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/**૩૬/ક્વા-૩/૧૯-૨૦/૬૦૫-૪ તા. 29.0૧.૨0૨0

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૬/ક્વા-૩/૧૯-૨૦

| | |
|---|---|
| અરજદાર: | **એમ. એમ. જાડેજા** ગામ: **વાવડી** |
| રજૂઆત કરનાર: | **અરજદાર એમ.એમ.જાડેજા હાજર રહેલ છે.** |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩** |
| રજૂઆત કરનાર: | નાયબ ઈજનેર શ્રી ટેક આર.એસ. લાલકીયા પીજીવીસીએલ વિભાગીય કચેરી – **રાજકોટ શહેર-૩** |

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૨૨-૦૧-૨૦૨૦ (બુધવાર ) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૨-૦૧-૨૦૨૦ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ **અરજદાર એમ. એમ. જાડેજા ગામ -વાવડી, તેઓની અરજીના નોંધણી નં: ૩૬/ક્વા-૩/૧૯-૨૦, માં જણાવે છે કે,** તેઓએ ઉજાલા બલ્બ ખરીદ કરેલ ન હોવા છતા – તેઓના ગ્રાહક નં.–૩૪૫૧૪/૦૦૩૩૮/૭ ના વીજબીલમાં છેલ્લા ૦૬ માસથી ઉજાલા ચાર્જ તરીકે રકમ ચડાવેલ છે, જે ખોટી રીતે ચડત થયેલ હોય – વીજબીલમાં જમા આપવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- વાવડી અર્બન સબડીવીઝન ના

ગ્રાહકશ્રી એમ.એમ.જાડેજા તરફથી વીજ વપરાશના બીલ માં ઉજાલા લેમ્પના ચાર્જ બાકી આવતા હોવા ની ફરિયાદ બાબતે - હાલ ઓન લાઇન ઉજાલા રજીસ્ટ્રેશન એલટી બિલિંગ સીસ્ટમ મુજબ ગ્રાહક જયારે ફરિયાદ લઇ આવે છે ત્યારે તેમાં રજીસ્ટ્રેશન કરવામાં આવે છે આ રજીસ્ટ્રેશન થયા પછી ના હપ્તા બંધ થઇ જાય છે અને જે ચડત હપ્તા થઇ ગયેલ છે તે બાબતે વડી કચેરી દ્વારા પત્ર નં.-પીજીવીસીએલ/રેવ/૨૦૧૮-૧૯/LTB-1/૧૩૬૬ તા.૩.૧૦.૧૮ થી આપેલ માર્ગદર્શન મુજબ EESL (એનર્જી એફીસીયન્સી સર્વિસીઝ લી.) ને ડેટા જી.યુ.વી.એન.એલ. તરફ થી મોકલવામાં આવે છે અને આ પ્રકારનો ડેટા EESL ને ૧૫ દિવસમાં યોગ્ય નિરાકરણ કરવા અર્થે આપવામાં આવે છે જેમાં EESL ગ્રાહક દ્વારા કરવામાં આવેલ ફરિયાદ સાથે સહમત થશે તો ગ્રાહક પાસેથી બાકી રહેલા ઉજાલા ઈ.એમ.આઈ ની રીકવરી કાયમી ધોરણે બંધ કરવામાં આવે છે તેમજ ગ્રાહક ના ખાતામાં રહેલી ઉજાલા ઈ.એમ.આઈ પેટેની બાકી રકમ સીસ્ટમ લેવલે જરૂરી એડજેસ્ટમેન્ટ આપીને મજરે આપવામાં આવે છે.

૩.૧ ઉપરોક્ત બાબતે ગ્રાહક ની અરજીના અનુસંધાને તેઓનું ઉજાલા રીપોર્ટસ મુજબ ગ્રાહક શ્રી ના કનેક્શન નંબર-૩૪૫૧૪-૦૦૩૩૮-૭ નું સબડીવીઝન દ્વારા રજીસ્ટ્રેશન કરતા ઈ-ઉર્જા માં Consumer Number not having any EMI amount" રીફલેકટ થાય છે જેની નકલ આ સાથે સામેલ છે અને જેથી શહેર વર્તુળ કચેરી ને આગળની કાર્યવાહી સમયસર ક્રરી અત્રેની કચેરીને યોગ્ય માર્ગદર્શન આપવા પત્ર નંબસ્આરસીડી-૩/રેવ/૨૩ તા.૦૧.૦૧.૨૦૨૦ થી જણાવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ફરીયાદ મુજબ – તેઓના વીજબીલ ગ્રાહક નં. ૩૪૫૧૪-૦૦૩૩૮-૭ મા ઉજાલા બલ્બની રકમ ચડત આવતી હોય – પરંતુ અરજદારે ઉજાલા બલ્બની કોઈ ખરીદી કરેલ ન હોય – જેથી સદર રકમ જમા આપવા સબંઘક કચેરીમાં રજુઆત કરેલ પરંતુ કોઈ કાર્યવાહી ન થતા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજુઆત કરેલ છે.

૪.૨ ઉપરોકત પેરા નં.–૪.૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ પી.આર.ટી.–૧૪૫ મુજબ – સદર ગ્રાહકના વીજબીલમાં નીચે મુજબ – ઉજાલા ચાર્જીસ વસુલાયેલ છે.

| Billing Month | Ujala Charges in Rs. |
|---|---|
| DEC,JAN,19 BIL FEB,19 | 210 |
| FEB,MAR,19 BIL APR,19 | 210 |
| APR,MAY,19 BIL JUN,19 | 210 |
| JUN,JUL,19 BIL AUG,19 | 210 |
| AUG,SEP,19 BIL OCT,19 | 210 |
| OCT,NOV,19 BIL DEC,19 | 210 |
| Total | 1260 |

ઉપરોક્ત બાબતે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર વીજબીલના ખાતામા જમા આપવા માટે ની કાર્યવાહી પેટા વિભાગીય કચેરી દ્વારા કરાયેલ છે, જેની જરૂરી મંજુરી મળ્યેથી ગ્રાહકના ખાતામા સદર રકમ જમા આપવામા આવશે.

૪.૩ સદર કેઈસ મા, ઉપરોકત મુદ્દા નં. ૪.૨ મુજબ ની વિગતે – અરજદાર દ્વારા ઉજાલા બલ્બ ની ખરીદી E.M.I. પધ્ધતિ દ્વારા કરાયેલ હોય – તે બાબતેના આધાર–પુરાવા પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ નથી. જેથી, અરજદારના વીજબીલમાં ઉજાલા ચાર્જીસ પેટે રકમ વસુલેલ છે, તે તેઓના બીલીંગ ખાતામા – અરજદાર તથા અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૩૦ મા જમા આપવાની સુચના પીજીવીસીએલ પક્ષકાર ને આપવામા આવે છે. વધુમાં સદર રકમ ઉપર લાગેલ વિલંબીત ચાર્જ પણ અરજદારના ખાતામા જમા આપવાની કાર્યવાહી કરેલ છે.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદદા નં. ૪.૩ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.
૪.૫ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯